ॐ तत्त सत्त

શ્રી લોચણ કૃત ભજનાવળી

ભાગ—૧.

(વસંતતિલકા વૃત્ત.)

अनंतशास्त्रं बहुलाश्च विद्या, अल्पश्च कालो बहुविघ्नता च।
यत्सारभूतं तदुपासनीय, हंसैरिवक्षीरमिवांबुमध्यात् ॥

અર્થ:-શાસ્ત્રો ઘણાં છે અને વિદ્યાઓનો પાર નથી;
વખત થોડો છે અને તેમાં પણ વિઘ્નો ઘણા છે;
માટે જેમ હંસો પાણીવાળા દુધમાંથી દુધ ગ્રહ
લે છે તેમજ સમજુ મનુષ્યોએ જે સાર વસ્તુ
હોય તે તરતજ ગ્રહણ કરી લેવી.

છપાવી પ્રસિદ્ધ કર્તા

મે. પ્રભુદાસ નથુભાઈ.

વઢવાણ—શહેર.

સં. ૧૯૬૦ કિંમત ૦-૨-૦

ધર્મ વિજય પ્રેસ, પાયધૂની—મુંબઈ.

માય પાસમાં પડેલા જીવને બોધ

રાગ સીતાજીના મહીમાની

જીવ સાચા સદ્‌ગુરૂ શીરધારે.
દુસહ દુઃખ કાપશે;
તોડી જનમ મરણનાં [illegible]
પોતાનો કરી થાપશે. જીવ.

કામ ક્રોધ સત્રુ અતિ ક્રુર,
સદ્‌ગુરૂ તેને મારશે;
ટાળી આવ્રણ માયાના અપાર,
ભવશીન્ધુ તારશે. જીવ.

ખોટો સગા સહોદરનો સન્હે,
સાચો એક સામ છે;
એવું સમઝી થાને તું સજ,
ભજી લેને રામને. જીવ.

ગુરૂ પુરણાનન્દને પ્રતાપ
પુર્ણ પદ પામશે;
થાશે વિદેહ દશાએ વિશરામ,
ખરો રંગ જામશે. જીવ.

D. P. VATHVANA RATHOD.

શ્રી.

લોચણ કૃત ભજનાવળી.

દોહો.

વન્દો ચરણ સરોજ ગુરૂ,
સુખમૂળ આગાર.
જેહિ સેવત નર હોત હે,
ભવસાગર કે પાર ॥ ૧॥

ભજન ૧

જીરેલાખા પ્રથમ સદગુરૂના પાય પુજીનેજી,
તમે મન વાંચ્છીત ફળ માગો હાં.
જીરેલાખા હાણુને લાભ તમે નાખી દીયોનેજી,
તમે મોહ નીદ્રાંથી જાગો હાં. ટેકઃ
જીરેલાખા માન મેલી ગુરૂને ચરણે નમીયેજી,
તમે તન મન ગુરૂને અરપો હાં.

જીરેલાખા હરીને જાણ્યાનો એરે મારગ છેજી,
એનું છેતે એને લઈને સોંપો હાં. ૨
જીરેલાખા અનભે ભક્તિની ઇચ્છા કરોતોજી,
તો સદગુરૂને શીષ નમાવો હાં.
જીરેલાખા માંડ કરીને મનુષા દેહ મળ્યો છેજી,
ફરી અવસર નઈ આવે આવો હાં ૩
જીરેલાખા મન કર્મ વચને કરો સદગુરૂની સેવાજી,
તો ભક્તિ અનભે લેવા હાં
જીરેલાખા શેલર્ષીંનિ ચેલી અતિ લોયણ બોલ્યાજી,
તમે ધારો સદગુરૂ પુરા હાં.

૨

જીરેલાખા સદગુરૂનાં પદનો કોઈ પાર ન પામેજી,
જેને શીવ ઉમેયાજી વખાણે હાં.
જીરેલાખા મોટા મોટા મુની જેની આશા કરે છેજી,
તે પદ અનુભવી ઉરમાં આણું હાં. ટેકઃ
જીરેલાખા બ્રહ્માના પુત્ર સનકાદીક જેવાજી,
એણે હંશને ગુરૂ કીધા હાં.

જીરેલાખા હંશના મુખનો ઉપદેશ લઇનેજી,
એણે મુક્તિનો માર્ગ લીધો હાં. ૨
જીરેલાખા સુરવીર થઇ જે હુ કર્મે ચાલેજી,
તે તો સદગુરૂનો મહીમા જાણે હાં.
જીરેલાખા માન અંતરમાથી મેલી કરીનેજી,
પછે થાય વચન પ્રમાણે હાં. ૩
જીરેલાખા એવા અધિકારીને આવૃણ નાવેજી,
એતો રેણી કરણીની પુરા હાં.
જીરેલાખા શેલર્પીની ચેલી સતિ લોયણ બોલ્યાજી,
એને કઇ સદગુરૂના સુરા હાં. ૪

૩

જીરેલાખા સદગુરૂનાં પદનો કોઇ લીયે નીવેડોજી,
જે આદઅનાદનાં અધીકારી હો.
જીરેલાખા આપાપણું અંતરમાથી ત્યાગીજી,
એતો આષા તૃષણાં બેઠા હારી હાં. ટેક:
જીરેલાખા મુળ વચનનો મહિમાં જે જાણેજી,
એને સદગુરૂનું બાનુ ઓળખાણું હાં.

જીરેલાખા હાણુને લાભ સંકટમા નાવેજી,
તેણે અનુભવનું સુખ માણ્યુ હાં. ૨
જીરેલાખા કરે સત સંગ મળે મન ગમતાજી,
ભેટયા બ્રહ્મવેતા ગુરૂ યોગી હાં.
જીરેલાખા આલોક પ્રલોકનિ ભાવઠ ભાગેજી,
એતો બ્રહ્મ રસનાં ભોગી હાં. ૩
જીરેલાખા એવાની વૃતિ જોને કોઈ હીચળે નઈજી,
જેને અંતરનો રંગ લાગ્યો હાં.
જીરેલાખા શેલર્ષીની ચેલી અતિ લોચણ ખોલ્યાજી,
સંપે શીયાળીયો ભાગ્યો હાં. ૪

૪

જીરેલાખા મુગરે વચનનો મહિમા બહુ મોટોજી,
એને સંતજ વિર્લા જાણે હાં.
જીરેલાખા વચન થકી જે કોઈ હોય અધુરાજી,
તે તો પ્રેમ રસને શું માણે હાં. ટેક:
જીરેલાખા વચન થકિ બ્રહ્માયે સૃષ્ટિ રચાવીજી,
વચનેથી પ્રથવિ ઠેરાણી હાં.
જીરેલાખા ચૌદ લોકમાં તો વચન રમે છેજી,
તેને જાણે પુરૂષ પુરાણી હાં. ૨

જીરેલાખા એવારે વચનની જેને પ્રતીત આવેજી,
એતો કદી ચોરાશીના જાવેજી હાં.
જીરેલાખા વચનનાં કબજામાં જે કોઇ વૃતેજી,
એની સુરતા શુંન્યમાં સમાવે હાં. ૩
જીરેલાખા એરે વચન તો શીરને સાટેજી,
એ ઓછા માણુસને ના કહેવું હાં.
જીરેલાખા સદગુરૂ આગળ શીશ નમાવીજી,
એના હુકમમાં હમેસા રહેવું હાં. ૪
જીરેલાખા આદને અનાદમા વચન છે મોટુજી,
એને જાણુ વિવેકી પુરા હાં.
જીરેલાખા શેલર્ષીની ચેલી સતિ લોયણ બોલ્યાજી,
એને નેણું વૃસેનુરા હાં. ૫

૫

જીરેલાખા બ્રહ્મમાં ભળવું હોય તો હેત વધારોજી,
તમે મનના પ્રપંચ મેલો હાં.
જીરેલાખા નુરત સુરતથી કરીલ્યો મેળાજી,
તો તમે ફળ કંઈ નવ માંગો હાં.—ટેક.
જીરેલાખા તૃણુા બરાબર જગતની માયાજી,
એને જાણુજે મનથી જુઠી હાં.

જીરેલાખા કાળ ઝડપ લઇને ઝડપી જાસેજી,
ત્યારે જીવ જાસે જોને ઉડી હાં.—૨
જીરેલાખા જાગીને જોષો તો તમને ઇશ્વર મળશેજી,
ત્યારે મન પાછું પડશે હાં.
જીરેલાખા સંકલ્પ વિલકલ્પની ગાંઠુ બંધાણીજી,
એ તો ગુરૂ વચનથી ગળસે હાં.—૩
જીરેલાખા હાર ન પામો તમે હીમત રાખોજી,
એવો ગુરૂ વચન રસ ચાખો હાં.
જીરેલાખા શેલર્ષીની ચેલી સતિ લોયણ બોલ્યાજી,
તમે મુખથી અસત્ય નવ ભાખો.—૪.

૬

જીરેલાખા હરી ગુરૂને તમે એક રૂપ જાણોજી,
એમાં જુદા પણું ઉર માન આણો હાં.
જીરેલાખા ગુરૂમા હરીને હરીમાં ગુરૂ છેજી,
એમ એક જાણને રસ માંણો હાં.—ટેક.
જીરેલાખા ગુરૂના વિષે કોઇની અભાવના લાવોજી,
એ છે સમજણ મોટિ હાં.

જીરેલાખા જયાં લગી ગુરૂમાં વરણુ ભેદ ભાળોજી,
તાં લગી વાતુ છે ખોટિ હાં.
જીરેલાખા ગુરૂને ગોવિંદ નથી કંઇ જુદાજી,
એવો ભરૂસો ઉરમા આવે હાં
જીરેલાખા મુળરે વચનનાં એ છે અધીકારીજી.
એને નકકી ભજન દીલ ભાવે હાં,—૩.
જીરેલાખા એવા ગુરૂ ચરણુંના જે વીસવાસીજી.
એ તો રેણી કર્ણીનાં ખાણા હાં
જીરેલાખા શેલર્ષીની ચેલી સતિ લોયણ બોલ્યાજી.
એ કોઇ દી પડે નઇ પાછાં હાં—૪.

૭

જીરેલાખા હરી ભજવા હોય તો મીથ્યા પણું મેલોજી
આ અવસર આવ્યો છે છેલ્લો હાં.
જીરેલાખા ભવસાગર તરવાનું આ છે ટાણુંજી.
તમે હું ને મારૂ ઠેલો હાં—કેક.
જીરેલાખા નામ રૂપ નિશ્ચે જાણો ખોટાજી.
તમે એથી રહેજો અળગા હાં.

જીરેલાખા ત્રીગુણી માયાથી જગત બંધાણું જી
તમે એરે માયાને સીદવળાગાં—૨.
જીરેલાખા ત્રિવીધી તાપથી જગત બળે છે જી,
તેનો ડાઘ તમને નઇ લાગે હાં,
જીરે લાખા સદગુરૂના હુકમે તમે ચાલોજી;
તેથી મોહ માયાનું બળ ભાંગે હાં.—૩
જીરે લાખા અનભે થવું હોય તો એ પદ પાળોજી,
તો બાહાર ભીંતર બ્રહ્મ ભાળો હાં;
જીરે લાખા શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી;
તમે ગુરૂ વચને આપું ગાળો હાં.—૪

૮

જીરે લાખા માન મુકિને તમે આવો મેદાનમાંજી,
તમે ગુરૂ ચરણે શીશ નમાવો હાં,
જીરે લાખા શેઠપણું તમે કોરે કરીનેજી;
તમે સંકલ્પ વિકલ્પને સમાવો હાં.—ટેક.
જીરે લાખા સદગુરૂનાં વચનની કરો ઓળખાણુંજી,
તે વિના પાર નઇ આવે હાં;

જીરે લાખા ભવરે સાગરમાં મત બહુ ઝાઝાજી,
ઇ મતની બુદ્ધીને સમાવો હાં.—૨
જીરે લાખા સદગુરૂના આપણે વેચ્યા વેચૈયેજી,
આપણે મનનું ડાપણુ પરહરીયે હાં;
જીરે લાખા ગુરૂને પુછીને પૃથવી પગ ધરીયેજી,
તો સદગુરૂ કહે તેમ કરીયે હાં.—૩
જીરે લાખા ઇનું મન છે તે એના આગળ ધરીયેજી,
એનાં વચનુંમાં આપણ રહીયે હાં;
જીરે લાખા સદગુરૂના ઘરની અગમ છે રમતુજી,
એતો અધુરીયાને નવ કહીયે હાં;—૪
જીરે લાખા વિવેક વૃતીમાં આપણે હરદમ રેવુંજી,
ગુરૂ હુકમ કરે તે કરવું હાં;
જીરે લાખા શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
આપણે ગુરૂ ચરણે ચીત ધરવું.—૫

૬

જીરે લાખા મન શુદ્ધ કરી તમે વચને ચાલોજી,
તમે પાળોને સાચી રેણી હાં;
જીરે લાખા વાદ વિવાદ નહી એ ઘરમાંજી,
તમે કેવા ન શીખો ન કરી કેણી હાં—ટેક.

જીરે લાખા એક યોગ તેની બાર છે કિર્યાંજી,
તમે એક ચિતે સાંભળજો હાં.
જીરે લાખા આરે વાણી કયાંઇ નથી કહ્યા જેવીજી,
તમે જ્ઞાન હિસાબે ગળજો હાં.—૨
જીરે લાખા પેલી કિર્યાં ગુરૂનું વચન છેજી,
એવી બીજી કિર્યાં તેને જાણો હાં.
જીરે લાખા ત્રીજી કિર્યાં બ્રહ્મચર્ય પાળોજી,
ચોથી કિર્યાં અમીરસ ચાખો હાં.—૩
જીરે લાખા પાંચમી કિર્યાં તમે ઇંદ્રિયોને જીતોજી,
છઠી કિર્યાં પવન સ્થાંભાવો હાં.
જીરે લાખા સાતમી કિર્યાં તમે મનને જીતોજી,
આઠમી વાણી નીયમમાં લાવો હાં.—૪
જીરે લાખા નવમી કિર્યાં તમે સુરતાને સાધોજી,
દશમી કિર્યાં મુળને બાંધો હાં.
જીરે લાખા અગીયારમી ચંદ્ર સુરજને જાણોજી,
બારમીયે પ્રેમને જગાડો હાં.—૫
જીરે લાખા એવી કિર્યાં જયારે ગુરૂજી બતાવેજી,
ત્યારે ફરી ચોરાશીમાં નાવે હાં.

જીરે લાખા શેલષીંની ચેલી સતી લોયણુ બોલ્યાજી;
ત્યારે ભવના ફેરા ફાવે હાં.—૬

૧૦

જીરે લાખા ધરમ કરો તો તમે ધણીપતુ મેલોજી,
તમે ગુરૂચરણે ચીત ધારો હાં;
જીરે લાખા વચનના બોલ તમે બુદ્ધીમાં લ્યોનેજી,
તમે ઝીંતી બાજી કાં હારો હાં—ટેક
જીરે લાખા પુન્યને પાપનો લેશ નહી લાગેજી,
જો મનની ભ્રાંતી ભાંગો હાં;
જીરે લાખા ત્યારે તમારા શંશે ટળશેજી,
પછે સુતા નીંદ્રામાંથી જાગો હાં.—૨
જીરે લાખા નાદ બુદનાં જ્યા નેઠા ન મળેજી,
એ દેશમાં તમે આવો હાં;
જીરે લાખા કુડ કપટ તમે કોરે મુકીનેજી,
તમે મનને એકાગ્રહ લાવો હાં.—૩
જીરે લાખા એવી રીતે તમે વચનમાં વૃતોજી,
તો ફરી જનમ નહીં આવે હાં;
જીરે લાખા શેલષીંની ચેલી સતી લોયણુ બોલ્યાજી;
તમે તેજમાં તેજ સમાવો હાં.—૪

૧૧

જીરે લાખા જીવ દસાને દુર કરોનેજી,
તો અનુભવનું સુખ થાશે હાં.
જીરે લાખા દેહની ઉપાધીમાં જ્યાં લગી રહેશોજી,
તો અવીદ્યા કેમ કરી જાશે હાં—ટેક.

જીરે લાખા શત્રુ મીત્ર નઇ પક્ષાપક્ષજી,
એવી જાણો યે યોગની યુક્તી હાં.—૧
જીરે લાખા સુરતા નીરંતર રહે તખતપરજી,
તો જીવતા થાશે મુક્તી હાં—૨

જીરે લાખા ધ્યાન ધરવાથી આળસ નવ કરશોજી,
તમે સદગુરૂ વચને ચાલો હાં;
જીરે લાખા નુરત સુરતમાં ખેલ ખેલોનેજી,
તો નીરગુણ પદમાં માહાલો હાં—૩
જીરે લાખા યોગના પદની રમત છે જુદીજી,
તમે સદગુરૂ સાને જાણો હાં;
જીરે લાખા શેલરખીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
તમે સમઝીને માહા સુખ માણો હાં.—૪

૧૨

જીરે લાખા રૂશીરે વૈસંપાય મારકુંડને પુછેજી,
બીજીયા ધરમ એવુ શું છે હાં;
જીરે લાખા આદ અનાદનો ધર્મ છે ધુનોજી,
માર્ગ મુક્તિનો એ છે હાં.—ટેક.

જીરે લાખા શીવ શક્તિ મળીને ધર્મ ચલાવોજી.
પછે તેણેથી સૃષ્ટિ રચાવી હાં;
જીરે લાખા એરે ધર્મને કોઇ જાણે વીવેકીજી,
જેને ભક્તિ રૂદયમાં ભાવી હાં.—૧

જીરે લાખા શ્વાસાઉ શ્વાસના જાપ જેને જડીયાજી,
તે તો નીંદ્રા કેણીપેરે કરશે હાં;
જીરે લાખા પાંચ તત્વને કોરે મુકીનેજી,
એતો જઇ અવીનાશીમાં ભળશે હાં. ૨

જીરે લાખા શ્વાસ જોને શીવ ઉસવાશ જોને શક્તિજી,
એની જુક્તિ કોઈ વીરલા જાણે હાં;
જીરે લાખા તુરતં સુરતમાં કોઇ જપેરે અજંપાજી,
એતો બ્રહ્મના સુખને માણે હાં.—૩

જીરે લાખા ગુરુનો ધર્મ તને શીવજી વખાણુંજી,
જે સમજે તે મતના તાણું હાં;
જીરે લાખા શેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
તે ચાલે ગુરૂના વચન પ્રમાણું હાં—૪

૧૩

જીરે લાખા નવધા ભક્તિને જે કોઇ સાધેજી,
એ અલક્ષ પુરૂષને આરાધે હાં;
જીરે લાખા દોડે છે મન તેને કબજે કરીનેજી,
નિજ નામને બેડો સાધે હાં.—ટેક.

જીરે લાખા ખાંડાની ધારે નરનારી ખેલેછજી,
તે હરીજનની બીક નવ રાખે હાં,
જીરે લાખા ગુરૂ વચને સત વસ્તુને જાણીજી,
એતો ગુપ્ત રસને ચાખે હાં. ૨

જીરે લાખા પુરેપુરા જ્યારે થાય અધીકારીજી,
એને લક્ષાર્થ ઉરમાં આવે હાં;
જીરે લાખા નાભી કમળથી પવન ઉલટાવીજી,
ત્યારે સુરતા શીખરપર જાવે હાં.—૩

જીરે લાખા એવીરે સુરતા જ્યારે તમારી પ્રગટશેજી,
ત્યારે સંકલ્પ વિકલ્પ મટી જાશે હાં,
જીરે લાખા શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
તારી સુરતા એકાગ્રહ થાશે હાં.—૪

૧૪

જીરે લાખા શ્રીમદ્ ભાગવત્માં એમ લખ્યું છેજી,
ભક્તિ વિના શંષે નઇ ભાંગે હાં;
જીરે લાખા દશમી ભક્તિમા પ્રેમ જગાવોજી,
ત્યારે શુન્યમાં સુરતા લાગે હાં. ટેક.
જીરેલાખા દેવ્યાહુતી નેકપીલ મુનીયે અભ્યાસ કરાવ્યોજી,
ત્યારે જ્ઞાન હિમાળે મન ગળીયુ હાં.
જીરે લાખા પ્રાન અપાનની ગતી જયારે જાણીજી,
મન બ્રહ્મપદમાં ભળીયુ હાં.—૨
જીરે લાખા ગુરૂ વીના સાધન એકે આવે નહીંજી,
ભલે ભણી ભણીને ભટકે હાં.
જીરે લાખા યોગ યુક્તિ ગુરૂ વીના કોઇ ન જાણેજી,
વૃથા વાંચી વાંચી જન્મ ગુમાવો હાં.—૩

જીરે લાખા મૈત્રી ઋશીયે વીદુરને યોગ બતાવોજી,
એકાંતમાં અભીયાશ કીધો હાં,
જીરે લાખા શ્વાસ ખેચીને સમાધી ચડાવીજી,
એને લક્ષ અલક્ષનો લીધો હાં.—૪

જીરે લાખા સુખદેવને જનક ગુરૂ ભેટયાજી,
પરીપુર્ણ બોધ એને દીધો હાં;
જીરે લાખા શેખરપીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
ગુરૂએ પોતાના જેવા કીધો હાં.—૫

૧૫

જીરે લાખા ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધોજી,
તમે મન પવનને બાંધો હાં;
જીરે લાખા નુરતે નીરખો ને સુરતે પરખોજી,
તમે સુરતા સુંન્યમાં સાધો હાં—ટેક.

જીરે લાખા નાંદ બુંદની તમે ગાંઠ બાંધોનેજી,
સુળ વચને પવન સ્થંભાવો હાં.
જીરે લાખા ઉલટા પવન એને સુલટમાં લાવોજી,
એવી રીતે એક ઘરમાં આવો હાં. ૨

જીરે લાખા ઈંગલા પીંગલા સુષમણા સાધોજી,
ચંદ્ર સુર્ય એક ઘર લાવો હાં;
જીરે લાખા ત્રીવેણી મેલમાં દેખો તપાશીજી,
પછે જોતમાં જોત મીલાવો હાં.—૩
જીરે લાખા અનભે પદને ઓળખવાને માટેજી,
તમેં જોત ઓળાંડી આઘા ચાલો હાં;
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
તો અકરતાના ઘરમાં આવો હાં.—૪

૧૬

જીરે લાખા સાધુ કહીયે જેને શુદ્ધ યોગ સાધોજી,
જે મન વૃતીને બાંધે હાં;
જીરે લાખા વીષ્ય વાસ્નાનો રોગ જેને ટળીયોજી,
તે તો સુન્ય મુકામ લઈ સાધે હાં—ટેક,
જીરે લાખા સ્થીર થઈ કોઈદી અસ્થીર ન થાયેજી,
બ્રહ્માદીકનું કેવુ ન માંને હાં;
જીરે લાખા નેણુંમાંજીને નીસાન ગડેડેજી,
એતો બેઠો પછે ખરે બાને હાં.—૨

જીરે લાખા વીપતી વૈરાગનો ખોટો રંગ ન મળેજી,
એતો તીવ્ર વૈરાગ જોને પાકો હાં;
જીરે લાખા આલોક પરલોક વૈભવનાં ઇચ્છેજી,
એતો ભવસિન્ધુ ભમીને થાકયો હાં.—૭
જીરે લાખા ઇશ્વરનું જેણે મુકામ જોયુ છેજી,
તેને હું તું નીકટ નઇ આવે હાં;
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
એતો અખંડ ઘરે તાળી લાવે હાં.—૪

૧૭

જીરે લાખા સાંભળવું ત્યાગી તમે ભજન કરોનેજી,
એકાંતે બેસી આસન સાધો હાં;
જીરે લાખા ત્રાટક મુંદ્રામાં તમે ચીત લગાવોજી,
તમે સંકલ્પ વીકલ્પને બાંધો હાં—ટેક.
જીરે લાખા ષટ માસ કોઇની સંગે નવ બોલોજી,
તમે પદાર્થ ભાવ પડતો મેલો હાં;
જીરે લાખા હું રે રાજાને આ છે મારી રાણીજી,
સાધન કરવુ હોય તો અહંભાવ ઠેલો હાં.—૨

જીરે લાખા નીશંક થઇ તમે રહોને એકાંતેજી,
તો સારાપણું ઉરમાં આવે હાં;
જીરે લાખા તુરત સુરતે ત્રાટકને સાધતાજી,
તારે ચક્ષુ બદલાઇ જાવે હાં.—૩
જીરે લાખા પવન ઉલટાવીને દુવારજ ખોલેજી,
એતો યોગ મુંદ્રા ઘટ પાવે હાં;
જીરે લાખા જાગ્રત સુપ્ત સુષોપતી તુરીયાજી,
તારે તુરીયામાં તાર મીલાવે હાં.—૪
જીરે લાખા આઠે પોહોર રહો અખંડ ઘરમાંજી,
પછે માયા નીકટ નહીં આવે હાં;
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
તો કાળ કદી નઇ ખાવે હાં.—પ

૧૮

જીરે લાખા બેરે પ્રકારની સમાધી કહી છેજી.
એની જુક્તિ જાણે કોઇ યોગી હાં;
જીરે લાખા ભાગ ત્યાગ કરીને હું તમને સંભળાવું જી,
તો થાવને બ્રહ્મ રસ ભોગી—ટેક.

જીરે લાખા અજંપા સમાધી પવન નાભીમા સમાવેજી,
સુરતા જોત લગી જાવે હાં;
જીરે લાખા મેલ મેલીને થાયે તે નીરમળજી,
નુર નીરંતર નજરે આવે હાં.—૨
જીરે લાખા બીજીરે સમાધી પંચંમ પડદો ખોલેજી,
બંકનાળે પવન ચડાવે હાં;
જીરે લાખા ષટચક્ર ઝીતી દ્વાદશ પરજાવેજી,
એ તો સુન્ય સમાધી કહાવે હાં.—૩
જીરે લાખા સુન્ય સમાધીમાં ગુરૂ કૂચી બતાવેજી.
તો જન્મ મરણુ મટિ જાવે હાં;
જીરે લાખા જોત જાગે તો વ્યાપે જોને માયાજી;
તેને જન્મ ફૂરીને આવે હાં.—૪
જીરે લાખા સુન્યરે સમાધીમાં તમે સુરતા લગાવોજી,
તોએ ઘરમાં તમે આવો હાં;
જીરે લાખા સેલર્ષીની ચેલી સતી લોયણુ બોલ્યાંજી,
તો ફરી ચોરાશીમા નાવો હાં —૫

૧૯

જીરે લાખા સદ્દગુરૂની શાન બહુ સુખ આપેજી,
આપણા મનને સ્થીર કરી સ્થાપે હાં;

જીરે લાખા એરે સાનથી કોઇ બાર ન જાવેજી,
પછે પવનને કેમ ઉથાપે હાં.—ટેક.
જીરે લાખા સોક ટાળીને આનંદ ઉપજાવેજી,
નુરત સુરત બેહદ લાવે હાં;
જીરે લાખા હદ બેહદ ઓળાડી કરીનેજી,
એતો અખંડ ઘરમાં આવે હાં.—૨
જીરે લાખા અનુભવી ગુરૂની ઓળખાણ કરાવેજી,
એતો સાક્ષીપદને પ્રમાણે હાં;
જીરે લાખા બોધ કરી જીવ શીવપણું ટાળેજી,
એતો સાક્ષી બ્રહ્મ બનાવે હાં.—૩
જીરે લાખા જોતી સ્વરૂપી આપણી સુરતામાજી,
મુક્તિ ભરે જ્યાં પાણી હાં;
જીરે લાખા પંડીત પુરાણી જ્યાં અટકી રહ્યાછેજી,
ત્યાં નવ પોચે વેદની વાણી હાં—૪
જીરે લાખા અકરતાપણું આપણા ઉરમાં દેખાડેજી,
એતો ઝીણી ઝીણી રમતુ રમાડે હાં;
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
એ પાંચ પચીસને લઇ પાડે હાં.- ૫

૨૦

જીરે લાખા સમદ્રસી થઈ તમે સુરતા સમાવોજી,
નાંદ બુંદ એક ઘરે લાવો હાં;
જીરે લાખા નીત્ય નીત્ય અદકા થાઓ અધીયાગ્રીજી,
શાંન સદગુરૂની ઉરમાં લાવો હાં.
જીરે લાખા ભાન દેહનું જ્યારે ભુલી તમે જાસોજી,
તારે અકર્તાના દ્રસંન થાશે હાં;
જીરે લાખા લક્ષ અલક્ષનો સમઝામાં આવેજી,
તારે મન જઇ રૂપમાં સમાસે હાં.--૨
જીરે લાખા નીરવાણ પદમાં મોજ છે મોટીજી,
પછે બીજી વાત છે ખોટી હાં;
જીરે લાખા જગતની ખટપટ તમને નઇ ગોઠેજી,
ત્યારે બુદ્ધી નીરંતર જાગે હાં.--૩
જીરે લાખા ઉલટે દમ તેને ફેર ઉલટાવોજી,
તો અદભુત ખેલ નજરે આવે હાં;
જીરે લાખા મનનો પ્રપંચ દુર થઇ જાવેજી,
વૃતી એવું નામ મટિ જાવે હાં.--૪

જીરે લાખા એવા પરીબ્રહ્મ તમે જ્યારે જોસોજી,
ત્યાંરે અંતરની આપદ્દા ટળશે હાં;
જીરે લાખા શેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી.
સુરતા નીરવાણ પદમાં મળશે હાં.--૫

રાણીને બોધ.

૨૧

જીરે રાણી સદગુરૂનો માર્ગ બહુરે અગમછેજી,
તેને મહાવૃતીવાળા જાણે હાં;
જીરે રાણી મોટિ દશામા જેના મનરે મળીયાજી,
એતો અનુભવનો રસ માણે હાં.--ટેક.
જીરે રાણી અનભે પદમાં તમે રેજો સધીરાજી,
તારૂ મન સ્થીર ત્યાં પડશે હાં;
જીરે રાણી અભ્યાસમાં આઠે પોર આવોજી,
તારે યોગની યુક્તિ જડસે હાં.--૨
જીરે રાણી સ્વાસ ઉસ્વાસના જાપ અજંપાજી,
તમે એવી રીતે ભક્તિ સાધો હાં;
જીરે રાણી આદ ધરમની વાત જાણીનેજી,

એ પદમાં સુરતા બાંધો હાં.—૩
જીરે રાણી ગુરૂ વચને તમે લાભજ લેજોજી,
એકાંતે અલખ આરાધો હાં,
જીરે રાણી સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
તમે નીરાસી થઇ પદ સાધો હાં.—૪

૨૨

જીરે રાણી પ્રપંચ મેલી તમે અલખ આરધોજી,
તમે ભટકેલ મનને વારો હાં,
જીરે રાણી દુગ્ધાનો ડાગ અંતરમાંથી ટાળોજી,
તમે મોહ મમતાને મારો હાં.—ટેક.
જીરે રાણી ઉંચપણું જ્યાંરે આવે અંતરમાજી,
તારે અભેદ દ્રષ્ટિ થાવે હાં;
જીરે રાણી પુરા મળે ત્યારે પ્રેમ જગાડેજી,
તારે પ્રેમ ભક્તિ ઉર આવે હાં.—૨
જીરે રાણી તન મન ધન સદગુરૂજીને અર્પોજી,
ત્યારે અકરતાને ઘેર આવો હાં;
જીરે રાણી હાણ લાભ એવું નજરે ના આવેજી,
ત્યારે સુખ સ્વાચુ લાવો હાં.—૩

જીરે રાણી સંકલ્પ વીકલ્પ એટલી છે આંટીજી,
એનું નામ જીવ બુદ્ધી કહાવે હાં;
જીરે રાણી સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
એતો ગુરૂ વીના ચોરાસીમાં જાવે હાં.—૪

૨૩

જીરે રાણી જ્યાં લગી જીવની જાત નથી જાણીજી,
ત્યાં લગી અભીમાન આવે હાં;
જીરે રાણી પુરા ગુરૂ વીના ખબર પડે નઇજી,
જન્મ મરણનો રોગ નવ જાવે હાં.—ટેક.
જીરે રાણી વિષય સુખનો જ્યારે થાશે અભાવોજી,
ત્યારે સદ્‌ગુરૂ સાન બતાવે હાં;
જીરે રાણી સતસંગનું મુળ પ્રથમ એછેજી,
ત્યારે ગુરૂ વચનનો રંગ લાગે હાં.—૨
જીરે રાણી ષટ ઉર્મી જ્યાં લગી સિદ્ધ નથી કિધીજી,
તે જીવ સીવની ખોજ ન પાવે હાં;
જીરે રાણી ઘણારે જન્મથી આ મન ભટકેછેજી,
ખરા સંગ વિના એક ઘરે નાવે હાં.—૩

જીરે રાણી ભેદ ભ્રાંતી જેના ઉરમા વસેછેજી,
એને સદ્દગુરૂસું સમઝાવે હાં;
જીરે રાણી જાત ભાતનો ગર્વ નથી ટળીયોજી,
એ ગુરૂના ઘરમાં કેમ આવે હાં.—૪
જીરે રાણી બંધ મોક્ષ એવું ગુરૂજી બતાવેજી,
ભાગ ત્યાગ લક્ષણાં કરી આપે હાં;
જીરે રાણી શેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
ત્યારે ભવનું સંકટ કાપે હાં.—૫

૨૪

જીરે રાણી શુદ્ધ સ્વરૂપમાં જેનો લક્ષ લાગોછેજી,
તેને કેવળ પદ દ્રષ્ટિએ આવેહાં;
જીરે રાણી ત્વં પદ તત્ત પદ મેલી કરીનેજી,
એતો અસી પદમાં સુરતા સમાવેહાં—ટેક.
જીરે રાણી ધ્યાતા ધ્યાન ત્રીપુટિ જયાં ન મળેજી,
તેતો અખંડ ધ્યાની કહાવે હાં,
જીરે રાણી જીવ ઇશ્વરની ભ્રાંતી ભાંગેજી,
ત્યારે લોક પ્રલોક નવ ભાવે હાં.—૨

જીરે રાણી અસલ યોગની યુક્તિ જાણેજી,
એતો સાક્ષાતકાર બની જાવે હા.ં—૩
જીરે રાણી પરા પસંતી મધ્યમાં વૈખરી વાણીજી,
એ ચારેથી જુદો કહાવે હાં;
જીરે રાણી સ્થુલ સુક્ષમ્ કારણુ મહા કારણુજી,
એથી આત્મા અભેદ નજરે આવે હાં.—૪
જીરે રાણી અખંડ સુખમાં અલમસ્ત ફરેછેજી,
ત્યાં દ્વૈતપણું અંતર ના આવે હાં;
જીરે રાણી સેલરષીની ચેલી સતી લોયણુ બોલ્યાંજી,
એતો આપમાં આપ સમાવે હાં.—૫

૨૫

જીરે રાણી મુળ વાષનાં જેની બ્રહ્મમાં ભાળીછેજી,
એનું નામ જીવન મુક્ત યોગી હાં;
જીરે રાણી સંકલ્પ વિકલ્પ જેના સમાઇ ગયાછેજી,
એતો પોતે છે બ્રહ્મરસ ભોગી હાં.—ટેક.
જીરે રાણી કેવળ અભ્યાસી પરીપુર્ણ પોતેજી,
આઠે પોર સમાધી લગાવે હાં;
જીરે રાણી ચીત્સમ્ વેદન જેનું સમઇ ગયુંછેજી,
એતો અક્ષરાતિત્ત કહાવે હાં.—૨

જીરે રાણી વાદ વિવાદતો મટિરે ગયોછેજી,
એ પુર્ણ બ્રહ્મ છે પોતે હાં,
જીરે રાણી અનહદ ઘરમાં જેની સુરતા રમેછેજી,
એની કળ નવ જડે જોતે હાં,—૩
જીરે રાણી તેત્રીસ દેવ તેના ચરણમાં લોટેજી,
અષ્ટ સીદ્ધી છે દાસી હાં;
જીરે રાણી અખંડ અનાદિ અજન્મા પોતેજી,
જેણે તોડી માયાની ફાંશી હાં.—૪
જીરે રાણી જે ઘરથી જુદો હતો તે ઘરે આવ્યોજી,
ત્યારે ભવનો ફેરો ફાવ્યો હાં,
જીરે રાણી શેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
તારે જન્મ મરણ દુખ વામ્યો હાં.—૫

૨૬

જીરે રાણી પંચભુતમાં પોતે રમેછેજી,
એતો કેવળ પદનાં ભોગી હાં;
જીરે રાણી ચૌદે લોક જેને સ્વપ્ના સરીખાજી,
એતો વીસ્યે રસનાં નઇ ભોગી હાં.—ટેક

જીરે રાણી અવ્યાકૃત માયા અવીદ્યાથી ન્યારાજી,
જેની તુર્યાતીત માતાલી લાગી હાં;
જીરે રાણી અકર્તા આપે પોતે કહાવેજી,
એની ભ્રમનાં ગઈ ભાંગી હાં.—૩
જીરે રાણી સંસાર વૈભવમાં તે નવ અટકેજી,
એતો ખરો કહીયે બ્રહ્મજ્ઞાની હાં;
જીરે રાણી નીરવાણુ પદમાં આપે રમેછેજી,
એ અનાદી પુરૂષ પુરાણી હાં.—૪
જીરે રાણી પ્રકર્તી પુરૂષથી જુદોછે પોતેજી,
એનું વીસ્યે વાસનાથી ચીત ટળ્યું હાં,
જીરે રાણી ષટ ઉર્મીને સિદ્ધ જાણીનેજી,
એનું મન પરીબ્રહ્મમાં મળીયું હાં.—૫
જીરે રાંણી સત્ચીત્ આનંદરૂપ અવીનાશીજી,
અગમ અકર્તા અભોગી હાં.
જીરે રાણી દ્વૈત પ્રપંચથી પાર છે પોતેજી,
એ નીરાલંબ નીરગુણુ યોગી હાં.—૬
જીરે રાણી એવા પદનું સુખ તમને ઓળખાસેજી,
તારે અલોકીક સુરતા બંધાસે હાં,

જીરે રાણી સેલરવીની ચેલી સતી લોયણુ બોલ્યાંજી,
તારે જીવ બુદ્ધી સઘળી જાશે હાં.—૭

૨૭

જીરે લોયણુ સ્વપ્નામાત્ર હવે જગત ભાસેછેજી,
હવે વૈભવ નજરે નાવે હાં,
જીરે લોયણુ રાજનાં સુખનો સ્વાદ હવે ટળીયોજી,
મને કેવળ બ્રહ્મરસ ભાવે હાં—ટેક.
જીરે લોયણે એવા સભ્યક વચન સુણીનેજી,
ત્યારે તરત સનમુખ લીધી હાં,
જીરે લોયણુ હુકમ થકી એણે પવન ઉલટાવોંજી,
ત્યારે તરત સમાધી કિધી હાં.—૨
જીરે રાણીયે પ્રેમ પ્રકાસી નેં કુંડળી જગાડીજી,
સુરતા સુન્યમાં સામી હાં,
જીરે રાણી યે અનભે વસ્તુને યથાર્થ જાણીજી,
જેને વીસ્યેની વાસના વામી હાં.—૩
જીરે રાણી ઇંગલા પીંગલા સુષમણા સાધીજી,
તુર્યાતીતમાં તાળી લાગી હાં,

જીરે રાણીની પ્રકર્તી પુરૂષથી પાર ગઇ સુરતાજી,
ત્યારે સાતમી ભોમકા ભાળી હાં.—૪
જીરે રાણીની સમાધી ઉતરી પાય લોયણને લાગીજી,
જેણે અખંડ લીલા દેખાડી હાં,
જીરે લોયણ ભવસાગરમાંથી બાહ્ય પકડીનેજી,
મારી હરી સાથે લગની લગાડી હાં.—૫
જીરે લોયણ જે સુખ તમે મને આગળ કહેતાતાજી,
તેમાં નથી કંઇ ખામી હાં;
જીરે લોયણ અખંડ પ્રમાત્મા સુન્યમાં મેં ભાળ્યાજી,
ઘટોઘટ અંતરજામી હાં.—૬
જીરે રાણી જાણ્યુ હોય તો તમે ચુપ થઇ રેજોજી,
આઠે પોર તે પદમાં ચીત દેજો હાં,
જીરે રાણી સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
તમે કાયમ ઉન મુનીમાં રેજો હાં.—૭

લાખાને બોધ

૨૮

જીરે લાખા કારણ કાર્યથી જગત બંધાણુંજી,
એનું નામ છે મુળ જોને માયા હાં;

જીરે લાખા પંચભુત ત્રણ ગુણુથી પ્રગટાજી,
જેની ચૌદ લોકમાં છે છાયા હાં.—ટેક.
જીરે લાખા તમોગુણુથી આ સૃષ્ટિ રચીછેજી,
રજોગુણે દશ ઇંદ્રી ધારા હાં;
જીરે લાખા ઇશ્વરથી નીર્ગુણુ રમેછે ન્યારાજી,
તેને જાણે જાણુણ હારા હાં.—૨
જીરે લાખા બારની ક્રિર્યા મે તમંને બતાવીજી,
હવે અંતરની ક્રિર્યા કઇ આપું હાં.
જીરે લાખા ભટકેલ મનછે ઘણાંરે જન્મનુંજી;
તેને સ્થીર કરીને સ્થાપુ હાં.—૩
જીરે લાખા એક ધ્યાનને બીજી ધારણાંજી,
ત્રીજી પ્રાણાયામ કરવા હાં.
જીરે લાખા ચોથી ક્રિર્યામાં ગુરૂપદ પાળવુંજી,
જેનું સ્વરૂપ નીરંતર ઉરમાં ધરવું હાં.—૪
જીરે લાખા ચારે ક્રિર્યા અંતરની મુખ્યછેજી,
તેને જાણેજ વીરલા યોગી હાં,
જીરે લાખા ચારે ક્રિર્યામાં એકની ખામીજી,
ત્યાં લગી વિસ્યેરસનાં છે ભોગી હાં.—

જીરે લાખા દ્વાદશ ક્રિયાએ ચારમાં સમઇ ગઇજી,
એ ચારેને યથા રથ જાણે હાં;
જીરે લાખા સેલરખીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
એતો બ્રહ્મના સુખને માંણે હાં—૬

૨૯

જીરે લાખા અધ્યાતમ્ ગ્યાનનો અટપટો ખેલ છેજી,
એનું નામ છે મુળ જોને માયા હાં,
જીરે લાખા ગુરૂપદમાં ચીત જેનું કાયમ રહ્યું છેજી;
એતો આપદ ઉરમાં આણે હાં—ટેક.

જીરે લાખા વીસ્યેવાસના જેની ગળીછેજી,
એતો જાહેર થઇને ઝુઝે હાં;
જીરે લાખા અગમ ઘરની કરે ઓળખાણુંજી,
એતો ગુરૂના પગને પુજે હાં.—૨
જીરે લાખા દશ લક્ષણુ વૈરાગનાં ઉર આવેજી,
તારે થાય યોગ અધીકારી હાં;
જીરે લાખા દશ લક્ષણુમાં એકની ખામીજી,
તો જીતી બાજી જાય હારી હાં.—૩

જીરે લાખા પ્રથમ લક્ષણ વીસ્યેભોગ ત્યાગોજી,
બીજું ચાલો વચન પ્રમાણે હાં;
જીરે લાખા ચૌદ લોકને તૃણ સમ જાણોજી,
ચોથું વૈભવ ઉરમાં નવ આવે હાં—૪
જીરે લાખા પાંચમું પક્ષાપક્ષ નવ રાખોજી,
છઠું ઇંદ્રીજીત કહાવો હાં;
જીરે લાખા સાતમું લક્ષણ અડાલ ડોલે નહીંજી,
ભલે ઇંદ્રની રંભા લલચાવે હાં.—૫
જીરે લાખા આઠમું લક્ષણ ધીરજ જેના ઉરમાંજી,
નવમું લક્ષણ દયા કહીયે હાં;
જીરે લાખા દશમું લક્ષણ સમદરશી પુરોજી,
તેને ખરો વૈરાગી કહીયે હાં.—૬
જીરે લાખા દશ લક્ષણ જેના ઉરમાં વસેછેજી,
એતો કહીયે મોક્ષનો અધીકારી હાં;
જીરે લાખા સેલરાીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
એતો અહંમંમ બેઠા હારી હાં.—૭

૩૭

જીરે લાખા અષ્ટાવક્ર ગીતામાં એમ કહ્યુંછેજી,
આત્મા અભેદ અવીનાશી હાં;

જીરે લાખા પંડીત પુરાણી વેદ વાદ વદેછેજી,
પણ જાણે કોઇ સંત નીરવાની હાં—ટેક.
જીરે લાખા અનાદી અવીનાશી અમરપદ ઇચ્છેજી,
તેને સદગુરૂ સુરાપાયા હાં;
જીરે લાખા જેની વૃતીમાં ગુરૂનો બોધ ઠરોછેજી,
તેને આત્મા પરીપુરણ જોયા હાં.—૨
જીરે લાખા જેમ રજ્જુમાં સર્પ ભાંસેછેજી,
એમ બ્રાંતીથી જગત જણાયે હાં;
જીરે લાખા બ્રાંતી ટાળા પછે અનુભવ સુખ આવેજી,
પ્રતક્ષ આત્મા કહાવે હાં.—૩
જીરે લાખા કુટસ્થ આત્મા નીત્ય મુક્ત નીરભેજી,
એ સદગુરૂ સાન સમજાવે હાં;
જીરે લાખા આરૂંઢવર્તીના જે અધીકારીજી,
તેને યોગી અભ્યાસ બતાવે હાં.—૪
જીરે લાખા અલક્ષ વેદનાં લક્ષમાં ના આવેજી,
તે પદમાં સંત પોચાવે હાં;
જીરે લાખા સેલરખીની ચેલી સતી લોયણુ બોલ્યાંજી,
અગમ ખેલ મરજી વા પાવે હાં.—૫

૩૧

જીરે લાખા શ્રવણુ મનન નીજ અભ્યાસ કહીયેજી,
તેનું નામ મુમુક્ષુ કાવે હાં;
જીરે લાખા ખટ સંપતીને જથાર્થ જાણેજી,
ત્યારે સાક્ષાતકાર બની જાવે હાં—ટેક.

જીરે લાખા પેલી ભુમીકા શુભ તમે ઇચ્છોજી,
બીજી શુવિચાર કહાવે હાં;
જીરે લાખા ત્રીજી ભુમીકા તનુંમાનસા કહીયેજી,
ચોથી સત્વાપતી ઉર આવે હાં.—૨

જીરે લાખા પાંચમી ભુમીકા પદાર્થ ભાવનાજી,
છઠી અસં શક્તિ કહાવે હાં;
જીરે લાખા સાતમી ભુમીકા તુરીયા અવસ્થાજી,
એનું નામ સત ભુમીકા કહાવે હાં.—૩

જીરે લાખા સાત ભુમીકા ગુરૂગમસે ગોતેજી,
જે હોય પુરો અધીકારી હાં;
જીરે લાખા જીવ શીવ બેડી તારે તુટેજી,
અહુંગ પદ જાયે મનથી હારી હાં.—૪

જીરે લાખા સ્વપ્નવત જગતના વૈભવ જાણેજી,
તે એની નજરમાં નવ આવે હાં,
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
એતો અનામી આપે બની જાવે હાં --૫

૩૨

જીરે લાખા જગ્ત એવી વસ્તુ નથી ત્રણ કાળમાંજી,
એતો જ્ઞાને કરીને ભાંસે હાં;
જીરે લાખા સંત સુવાગી જેને મળ્યાછેજી,
એતો બ્રહ્મના રંગમાં રાચે હાં--ટેક.

જીરે લાખા રામ રૂપ નરનારી જુવેછેજી.
એને બીજું દ્રષ્ટિમાં નાવે હાં,
જીરે લાખા જાત ભાત વર્ણાશ્રમ કહીયેજી,
એતો એકે ઉરમાં નાવે હાં.—૨

જીરે લાખા મોક્ષ અમોક્ષનો ભેદ મટિ ગયોજી,
એ નીરગુણ નીરાલંબ યોગી હાં;
જીરે લાખા જીવન મુક્ત દશા છે મોટિજી,
એ અનુભવ રસના છે ભોગી હાં.—૩

જીરે લાખા આઠે પોર જેને ધુની લાગીછેજી,
એને રંગ સવાયો ચડસે હાં;
જીરે લાખા બ્રહ્માકાર સર્વ જગત ભાસુછેજી,
એતો જઇ અકર્તામાં ભળશે હાં.—૪

જીરે લાખા અમાઇ અલક્ષ અવીનાશીજી,
જેને ગુરૂની સાનથી જોયું હાં;
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
તેણે સ્વરૂપમાં ચીત પ્રોવુ હાં.—પ

૩૩

જીરે લોયણ અખંડ અભેદ તમે આત્મા કોછોજી,
તેને જીવ બુદ્ધી કેમ આવે હાં;
જીરે લોયણ અવીદ્યા માયા તે જડ પ્રપંચછેજી,
તેતો કેમ કરી ભરમાવે હાં—ટેક.

જીરે લોયણ તમે કોછો કે એક છે આત્માજી,
તો જ્ઞાની અજ્ઞાની કેમ કહાવે હાં;
જીરે લોયણ એક દેવ ને એક અસુરછેજી,
તે બેનું નીરૂપણ કેમ થાયે હાં.—૨

જીરે લાખા જીવપણું તો મનથી માન્યું છેજી,
આ મન અજ્ઞાની કહાવે હાં;
જીરે લાખા જેમ રજ્જુમાં સર્પ ભાસેછેજી,
વસ્તુતા યે સર્પ નજરે નાવે હાં;
જીરે લાખા એરે મનને અજ્ઞાને કરીનેજી,
હુ જીવછું એમ જાણે હાં.—૪
જીરે લાખા આત્મ અભેદી સનાતન કહીયેજી,
એને માયાનો બાદ નવ લાગે હાં;
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
એનો ભેદ કોઇ પુરા પાવે હાં.—૫

૩૪

જીરે લાખા બ્રહ્મરસને જે યોગી જાણેજી,
એ અક્ષય સુખને માણે હાં;
જીરે લાખા અજર અમર આત્મ અવીનાશીજી,
આપે કર્તા જાણે હાં—ટેક.
જીરે લાખા પ્રેમ પદમાં જેની સુરતા ભળીછેજી,
તે અધ્યાતમ યોગી પુરા હાં;

જીરે લાખા સદ્દગુરૂનો દેશ જેને ઝપટે જોયોજી,
ત્યાં નઇ જોત નઇ જુશ હાં.—૨
જીરે લાખા વેદ કિતેબનો ભેદ મટિ ગયોજી,
બંધ મોક્ષ નજરે નં આવે હાં;
જીરે લાખા સંમ્યક જ્ઞાન થયું પ્રમપદનુંજી,
એ અચેષ્ટા અદ્વૈત યોગી હાં.--૩
જીરે લાખા તત્વ જ્ઞાનને જે ઓળંગીજી,
એ તુર્યામાં મન ગાળે હાં;
જીરે લાખા બ્રહ્મ અગ્નીમાં જેને બીજ બાળ્યું છેજી,
એતો સાત્ત ભુમીકા ભાળે હાં.--૪
જીરે લાખા ચાર વેદનો ભેદ છે ન્યારોજી,
એ ગુરૂગમથી ઉરમાં આવે હાં;
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
ઇ સદ્દગુરૂની સાનથી પાવે હાં.--૫

૩૫

જીરે લાખા અસ્તી ભાતી ને પ્રીયરૂપ આત્માજી,
એ સભર ભરો એમ જાણો હાં;

જીરે લાખા સદગુરૂનાં વચનરૂપી દોર પકડયોજી,
તારે મોહરૂપી શત્રુને મારો હાં--ટેક.
જીરે લાખા જેમ સુત્રમાં માણી રમેછેજી,
તેમ આત્મા સઘળે રમેછે હાં,
જીરે લાખા પીંડ બ્રહ્માંડ પરીપુર્ણ પોતેજી,
તે વસ્તુમાં મન ભમે છે હાં—૨
જીરે લાખા મન મર્યું ત્યારે અમન છે પોતેજી,
જેની વૃતી વળી ગઇ પદમા હાં;
જીરે લાખા જીવ ઇશ્વરની ગ્રંથી છુટિ ગઇજી,
ત્યારે અકર્તાનું પદ ભાળ્યું હાં.—૩
જીરે લાખા ચીદ્દાભાસ પદ અધ્યાતમ આપેજી,
આકાસવત અવીનાશી હાં;
જીરે લાખા એક સોનું તેના ઘાટ અનેકછેજી,
પણ સત્ય સોનું વસ્તુ સાચી હાં.—૪
જીરે લાખા તેમ આ પુતળા અનેક બન્યાછેજી,
એતો ઉપજેને અલપાવે હાં;
જીરે લાખા તેનો અટકળ નવ મળે સ્વરૂપમાંજી,
અનુભવીને અટકળ આવે હાં.—૫

જીરે લાખા કૃષ્ણમાં પોતે ને પોતામાં કૃષ્ણછેજી,
એવું જાણે અધ્યાતમ યોગી હાં;
જીરે લાખા સેલરખીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
એ વીસ્યે રસના નઇ ભોગી હાં.—૬

૩૬

જીરે લાખા અખંડ બ્રહ્માંડમાં પોતે રમેછેજી,
એ આવર્ણ રહીત વૈરાગી હાં;
જીરે લાખા પાકા સદગુરૂ આગળ અભ્યાસ કીધોજી,
તેની સુરતા શુન્યમાં લાગી હાં—ટેક.
જીરે લાખા ખટદર્શનનાં પાખંડે ભમે નઇજી,
એ અસલ જીવન મુક્ત યોગી હાં:
જીરે લાખા સાતમી ભોમકા પરીપકવ અવસ્થાજી,
તેને કહીયે કેવળ પદ ભોગી હાં.—૨
જીરે લાખા ભેદ ભ્રમ અને ભ્રાંતી કહાવેજી,
એ ત્રણે આવૃણ છે મોટા હાં;
જીરે લાખા જીવ બ્રહ્મની થઇ છે એકતાજી,
તારે આવૃણ ઉપાધી થાયે ખોટા હાં.—૩

જીરે લાખા કર્મ ભરમમાં એ નર ભટકે નઇજી,
જેને અખંડ સમાધી લાગી હાં,
જીરે લાખા આવૃણ તેને એકે નડે નઇજી,
એણે સર્વ સાધના સાધી હાં.—૪
જીરે લાખા બ્રહ્મનીષ્ટને ચરણે કોઈ જાવેજી,
તેને અખડ સમાધી લગાવે હાં;
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
એતો પૂરી ચોરાશીમાં નાવે હાં.—૫

૩૭

જીરે લાખા પોતે પોતામાં વીલસી રહ્યાછેજી,
એને અવ્યવ નજરે નાવે હાં;
જીરે લાખા જન્મ મરણની બેડી તુટિ ગઇજી,
એતો વીદેહી મુક્ત કહાવે હાં—ટેક.
જીરે લાખા સળંગ સુરતાયે આત્માને ભાળ્યોજી,
એતો બોલાવેને વળી બોલે હાં;
જીરે લાખા વાસ્તવીકમાં જેણે ધ્યાન કરી જોયુંજી,
એના અંતરના પડદા ખોલે હાં.--૨

જીરે લાખા ભેદ ભ્રમ વેદનો અંત આવી ગયોજી,
એવા અગમ નીવાશી અભ્યાશી હાં;
જીરે લાખા પરીપુર્ણપદ જેને જોયું તપાસીજી,
તેણે તોડી પ્રપંચની ફાશી હાં.--૩
જીરે લાખા અદ્વૈતના જે રંગમાં રમેછેજી,
તે કેવળ બ્રહ્મ ઉપાશી હાં;
જીરે લાખા જગ્ત એવું જેને ભાન મટ્યુંછેજી,
એતો કાયમ રેછે હુલાશી હાં.--૪
જીરે લાખા જ્ઞાન વીજ્ઞાનમાં ચીત જેનું ગળીયુંજી,
તે નખશીખ પુર્ણ પ્રકાસી હાં;
જીરે લાખા શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
જેની સુરતા અગમ ઘર લાગી હાં.--૫

૩૮

જીરે લાખા ચાર વેદ તેની બાવન ઉપનીષદજી,
એનાથી યોગી ન્યારા હાં;
જીરે લાખા ભાગ ત્યાગ લક્ષણાં ઉપનીષદ બતાવેજી,
તારે અકર્તા પદ નજરે આવે હાં--ટેક.

જીરે લાખા એક અર્થને બીજો લક્ષાર્થજી,
તેની પંડીત સાન નવ જાણે હાં;
જીરે લાખા વેદને બળે વાદ વીવાદ કરેછેજી,
પણ સ્વરૂપનું સુખ નવ માણે હાં.--૨
જીરે લાખા ઘટ મઠ મહદ્ એ ત્રણ આકાશછેજી,
તેનો ભેદ યોગી પાવે હાં;
જીરે લાખા પદ પદાર્થમાં વ્યાખ્યાન કરે પંડીતજી,
પણ બ્રહ્મ પદ ઉરમાં ન આવે.હાં,
જીરે લાખા સપ્ત પાતાળને ષોડશ સુન્યછેજી;
એનો ભેદ અનુભવીને આવે હાં,
જીરે લાખા સોળમું સુન્ય અભે સુન્ય કહીયેજી;
તેમાં અકરતા આપે કહાવે હાં.--૪
જીરે લાખા સત્ચીત્ આનંદ અમર અરૂપીજી,
એ ઉજાગરનાં ધ્યાનમાં આવે હાં;
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
એતો ભવ સંકટમાંથી જાવે હાં--૫

૩૯

જીરે લાખા ત્રીગુણ રહીત નર નીરંતર ખેલેજી,
એતો આપ અનાદી યોગી હાં;
જીરે લાખા દ્વૈત પ્રપંચનો પાર જેને આણ્યોજી,
એકે વળ પદ રસ ભોગી હાં.--ટેક.

જીરે લાખા ઉપરથી જગતની ચેષ્ટા કરેછેજી,
ભીતર વેહેવારથી ન્યારા હાં;
જીરે લાખા સંશે શોકનો જીને લેશ નવ લાગેજી,
એ અગમ અનામી બાવન બારાં હાં.--૨

જીરે લાખા નામ રૂપાત્મક આદી ભેદ છે જેટલાજી,
આવૃણ બ્રહ્મવેતાને તે નાવે હાં;
જીરે લાખા અમર પદમાં જેની સુરતા ચડીછેજી,
તે બ્રહ્મ અભ્યંન્તર રહાવે હાં.--૩

જીરે લાખા સભર આત્મા ભરો સંપુર્ણજી,
એને લક્ષાર્થ ભાવ લીધો હાં;
જીરે લાખા સતગુરૂ પુર્ણ બ્રહ્મવેતા ભેટયાજી,
તેને યથાર્થ ઉરમાં લીધો હાં.—૪

જીરે લાખા હાંણુ લાભનો ભેદ ટળી ગીયોજી,
તેને યોગી પુરો કહીયે હાં;
જીરે લાખા સેલરખીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
આપણે એ પદપરસી લઇએ હાં.—૫

૪૦

જીરે લાખા અતર ટાળી નીરંતર રમેછેજી,
જેની શુંન્યમાં સુરતા બાંધી હાં;
જીરે લાખા સદગુરૂની સાંન યથાર્થ સમઝ્યાજી,
તેને અગમ તણી ગમ લાધી હાં—ટેક.
જીરે લાખા અક્ષર બાવન બારૂનીજ નામ કહીયેજી,
તેને સંતજ વીર્લા જાણે હાં;
જીરે લાખા નિશ્ચેઆત્મક નીરભેદી પોતેજી,
એતો સર્વમાં એક પીછાણે હાં—૨
જીરે લાખા ગુરૂગમ વીનાં જે વેદ પ્રમાંણેજી,
એ અભ્યાસ ગમે તેમ કરતા હાં;
જીરે લાખા સદગુરૂની સાન સમઝ્યા વીનાનાજી,
તે નરતો દીઠા આથડતા હાં.—૩

જીરે લાખા શાસ્ત્રમાં ચક્રુના ભેદ કહ્યાછેજી;
એ ભીસ્મે ધર્મને કીધા હાં;
જીરે લાખા એ અભીપ્રાય લઇને સર્વે કહેછેજી,
એ ખાંતેથી ખુવાર મળેછે હાં.—૪
જીરે લાખા યોગ માર્ગનો ખેલ અગમછેજી,
એતો ગુરૂ વીના નવ આદરવો હાં;
જીરે લાખા શાસ્ત્રવેતાયે નીરૂપણ કર્યું છેજી,
એનો બોધ રૂદે લઈ ધરવો હાં.—૫
જીરે લાખા યોગ સત્ય તેમ સર્વે કહેછેજી,
પણ પીછાણે માર્ગ પુરાં હાં;
જીરે લાખા સેલરખીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
તે ખરા સદગુરૂના સુરા હાં.—૬

૪૧

જીરે લાખા જનકે આત્મા એક જ્યારે જાણ્યોજી,
ત્યારે દેહ છતાં વીદેહ પામ્યો હાં;
જીરે લાખા સ્રી પુરૂષનો જ્યારે ભેદ ટળી ગયોજી,
ત્યારે દીલની દુગ્ધાં વામ્યો હાં—ટેક.

જીરે લાખા અષ્ટાવક્રુ ગુરૂને પ્રશ્ન જ્યારે પુછયોજી.
તેને ભેદ તુને હું બતાવું હાં;
જીરે લાખા ગુપ્તમાં ગુપ્ત ને ઝીણામાં ઝીણોજી,
તારા રૂદીયામાં બોધ દ્રઢાવું હાં.—૨
જીરે લાખા અષ્ટાવક્રે જ્યારે એક આતમાં કીધોજી,
ત્યારે રાજાયે શંસે લીધો હાં;
જીરે લાખા વાત ધ્યાનમાં એને નવ બેઠીજી,
પછે ફરીથી વાત એને કીધી હાં—૩
જીરે ગુરૂજી આત્માં તો તમે એક કહોછોજી,
તો જ્ઞાન અજ્ઞાન કેમ ઘટશે હાં;
જીરે ગુરૂજી એક નર્ક માને એક સ્વર્ગમાંજી,
બેઉ આપના કેવાથી ખોટા પડશે હાં.—૪
જીરે લાખા જનકનો પ્રશ્ન અષ્ટાવક્રે સાંભળોજી,
તારે ખરો અધીકારી એમ બોલ્યા હાં;
જીરે લાખા જેમ છે તેમ તેનું સમાધાન કરીનેજી,
જનકના સંશે તોડયા હાં.—૫
જીરે લાખા જનકની શંકાનું સમાધાન જે કીધુંજી,
તે તમારી આગળ કહી આપુ હાં;

જીરે લાખા સેલરખીની ચેલી સતી લોયણ બોલ્યાંજી,
તારા હૃદયમાં સ્થીર કરી થાપું હાં.--૬

૪૨

જીરે જનક આત્મા તો સદા નીરંતર એકછેજી,
પણ મનને અજ્ઞાને જીવ ભાંસે હાં;
જીરે જનક તેથી જ્ઞાન અજ્ઞાન ઘટે છે એમાંજી,
નર્ક સ્વર્ગ બેઉ સાચા હાં—ટેક.

જીરે જનક જ્ઞાન અજ્ઞાનનું કારણ અવીદ્યાજી,
નહીં તો જ્ઞાન અજ્ઞાન નહીં તેમાં હાં;
જીરે જનક એવો લક્ષ કોઇ વીરલા જાણેજી;
તેનું મન રમે છે આતમમાં હાં—૨

જીરે જનક આત્મા અનાત્મા ભેદ છે ન્યારોજી,
એક નીત્ય એક અનીત્ય કહાવે હાં;
જીરે જનક આત્મા નીત્યને અનાત્માં અનીત્યછેજી,
તેનો મર્મ કોઇ યોગી પાવે હાં.– ૩

જીરે જનક ખટપટ મેલી ધ્યાન ચીતમાં ધરોનેજી,
તેનો લક્ષ દ્રષ્ટીમાં આવે હાં;

જીરે જનક આઠે પોહોર જેનો નીસો ન ઉતરેજી,
એ પુરો ભજની કહાવે હાં.—૪
જીરે જનક પરોક્ષ અપરોક્ષ પરીપુર્ણ પોતેજી,
તેનો ભેદ સદ્દગુરૂ બતાવે હાં;
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
તારે આતમાં જોવામાં આવે હાં.—૫

૪૩

જીરે લાખા દયાન પ્રાણાયામમાં ગુરૂગમ રાખોજી,
તો દ્રષ્ટી ચંચળ સ્થીર થાવે હાં;
જીરે લાખા અવીજ્ઞત અગમ અગોચર પોતેજી,
એ તુરતે સુરતે જોવામાં આવે હાં.—ટેક.
જીરે લાખા ચીત સંમવેદન એને નવ વ્યાપેજી,
જેને મળ્યા અખંડ અજંપા હાં;
જીરે લાખા સુરતા જેની ચડી છે સુન્યમાંજી,
જ્યાં નહીં મોહ અને માયા હાં.—૨
જીરે લાખા કામ કર્મનો લેસ નો લાગેજી,
જેમ સિંહથી શીયાળ ભાગે હાં;

જીરે લાખા યોગનાં સાધનથી તીમર નાસેજી,
જ્યારે યથાર્થ સુરતા લાગે હાં.—૩

જીરે લાખા અખંડ સુન્યમાં જેને થઈછે સમાધીજી,
તે આરૂઢવર્તીનાં યોગી હાં;
જીરે લાખા નીશ્ચળ રૂપ પ્રમાત્મ થીઉછેજી,
તે તો કહીયે ખરો રસ ભોગી હાં.—૪

જીરે લાખા અક્ષરાતીત અખંડ બ્રહ્મ આપેજી,
એતો નીરાલંબ નીરવીકારી હાં;
જીરે લાખા સેલરખીની ચેલી સતી લોયણુ બોલ્યાજી,
જેણે જોયું અહંપદ ધારી હાં.—૫

૪૪

જીરે લાખા અષ્ટા વક્રને પાય જનક રાય લાગ્યાજી,
પ્રશ્ન પુછવાનો વીચાર થયો છે હાં.
જીરે લાખા ગુરૂની આજ્ઞા વીના શીશથી બોલાય નહીજી,
એવો ધર્મ સમજી મુન્ય રહ્યા છે હાં—ટેક.

જીરે લાખા જનકની ઇચ્છા વર્તી ગુરૂ કહેછેજી,
જનક પ્રશ્ન શું થયો છે મનમાં હાં.

જીરે જનક પ્રશ્ન કરેતો ઉતર તને આપુજી,
તારા સંસે ટાળુ એક પલમાં હો.—૨
જીરે ગુરૂજી તમે વીષ્યને નીસેદ કહો છોજી
પણ આત્મ જ્ઞાનીને બાદ શું છે હાં.
જીરે ગુરૂજી ઇંદ્રીનાં કામ ઇંદ્રી કરે છેજી,
આત્મ અકર્તા પોતે હાં—૩
જીરે લાખા એવોરે પ્રશ્ન જનકનો શાંભળોજી,
ત્યારે ગુરૂયે ધનવાદ દીધો હાં.
જીરે લાખા જનક પ્રતે ગુરૂ કહે છે સમજો નહીજી,
એમ કહીને નીકટ લીધો હાં.—૪
જીરે લાખા જનકના પ્રશ્નનો નીર્ણય કરો છેજી,
તે હું આગળ કહીશ તુજને હાં.
જીરે લાખા સેલરષીની ચેલી સતી લોયણ બોલ્યાજી,
સંસે રહેતો પુછજે મુજને હાં.—૫

૪૫

જીરે લાખા એક પ્રશ્ન જનકે એવો પુછયોજી,
તે શુણતાં સંસે તારો જાસે હાં.

જીરે લાખા અષ્ટાવક્રે પ્રશ્નનો ખુલાસો કરોછેજી,
તે જીવ મટી શીવ થાશે હાં—ટેક.
જીરે લાખા જનકે ગુરૂને હાથ જોડયાજી,
એક સંસે મુજને થયો છે હાં.
જીરે ગુરૂજી આપની આજ્ઞા વીના કેમ હું બોલુજી,
એમ સમજીને મુન્ય રહ્યોછે હાં.—૨
જીરે જનક ખુસી પડે એવો પ્રશ્ન તું પુછનેજી;
લાભનું પુછતા નવ ડરજે હાં
જીરે જનક ગુઢવાત પુછે નહીં તે સેવક અસે નહીજી,
એમ નકી તું ઉરમાં ધરજે હાં.—૩
જીરે લાખા ગુરૂનો પ્રેમ પુરણુ જયારે ભાળ્યોંજી,
તારે જનકે સંકા કીધી હાં.
જીરે લાખા હાંણુ લાભનો ધણી નથી પોતેજી
જેને ગુરૂની પ્રસન્નતા ઉર લીધી હાં.—૪
જીરે ગુરૂજી આત્મજ્ઞાનીને જગત બ્રહ્મ ભાંશુંજી,
તેને આશ્ચર્યવત્ કેમ કોછો હાં;